પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૬૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૪-૧૧-૨૦૨૩ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પ્રદૂષણના રેડ ઝોનમાં દિલ્હી, હવા થઈ ઝેરી : શાળાઓ બંધ કરવાના આદેશ અપાયા



### હવામાન પરિસ્થિતિઓ અને હરિયાણા-પંજાબમાંથી આવતા સ્ટબલ સ્મોકને કારણે સ્થિતિ વધુ ગંભીર બની શકે છે.

નવીદિલ્હી,

દિલ્હી એનસીઆરમાં શરૂઆત ધુધળા ભર્યા વાતાવરણથી થઈ હતી. હવામાન એવો ખતરનાક હતો કે, લોકોની આંખોમાં અને છાતીમાં જલન થવા લાગી હતી. આ તમામ બાબતે જોઈને વહીવટી તંત્ર પણ એલર્ટ થઈ ગયો હતો. કમીશન ફોર એયર ક્વોલિટી એન્ડ મેનેજમેન્ટએ ગ્રેડેડ રિસ્પંસ એક્શન પ્લાનની ત્રીજો સ્ટેજ લાગુ તકરવાના નિર્દેશ કરી દીધો હતો. આ સિવાય સીએકયુએમએ દિલ્હી સરકાર અને એન સીઆરના અન્ય શહેરમાં વહીવટી તંત્રને સલાહ આપવામાં આવી છે કે, થોડા દિવસો માટે સ્કૂલ બંધ કરવામાં આવે અને ઓનલાઈન વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે.

આ બાદ દિલ્હી સરકારને ગંભીરતા દેખીને આદેશ બહાર પાડ્યો કે, રાજ્યમાં આવતા બે દિવસ સુધી ધોરણ પાંચ સુધીના બાળકો સ્કૂલ નહી જાય, તેમજ આ આદેશ તમામ સરકારી અને પ્રાથમિક સ્કૂલોને માનવું પડશે. કેજરીવાલ સરકારે વધતા પ્રદૂષણ મામલે મહત્વનો નિર્ણય લીધો છે.

દિલ્હીના ૧૬ વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૦૦ને પાર કરી ગયો હતો. મુંડકામાં સૌથી વધુ એકયુઆઈ ૪૫૩ નોંધાયો હતો. નિષ્ણાતોનું કહેવું છે કે આગામી બે દિવસ સુધી દિલ્હી-એનસીઆરને પ્રદૂષણના નબળા સ્તરથી રાહત મળવાની અપેક્ષા નથી. હવામાન પરિસ્થિતિઓ અને હરિયાણા-પંજાબમાંથી આવતા સ્ટબલ સ્મોકને કારણે સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. આવી સ્થિતિમાં શ્વાસના દર્દીઓએ ખાસ કરીને સાવચેત રહેવું પડશે.

શિયાળા પહેલા પ્રદૂષણે દિલ્હી એનસીઆર વિસ્તારમાં લોકોની હાલત ખરાબ કરી દીધી છે. આ વિસ્તારની હવા દિવસેને દિવસે ઝેરી બની રહી છે. શુક્રવારે પણ પ્રદૂષણના કારણે દિલ્હી અને નોઈડાના ઘણા વિસ્તારોમાં ધુમ્મસ જોવા મળ્યું હતું. જો એકંદર સ્થિતિની વાત કરીએ તો નોઈડામાં પ્રદૂષણની સ્થિતિએ દિલ્હીને પણ માત આપી દીધી છે. નોઈડા પ્રશાસને પણ પરિસ્થિતિનો સામનો કરવા માટે કડક પગલાં લેવાનું શરૂ કરી દીધું છે.શુક્રવારે પણ દિલ્હીની હવા ખૂબ જ ખરાબ શ્રેણીમાં રહી છે. રાજધાનીનો એકયુઆઈ આજે ૩૪૬ નોંધાયો છે. જો કે, લોધી રોડ વિસ્તારમાં એકયુઆઈ ૪૩૮, જહાંગીરપુરીમાં ૪૯૧, ઈન્દ્રપુરમ વિસ્તારમાં ૪૮૬ અને આઈજીઆઈ એરપોર્ટ (T3)ની આસપાસ ૪૭૩ છે. રાજધાની દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડવા માટે વહીવટીતંત્ર ઘણી જગ્યાએ પાણીનો છંટકાવ કરી રહ્યું છે. નોઈડામાં હવાની ગુણવત્તા ૪૧૩ 'ગંભીર' શ્રેણી પર પહોંચી ગઈ છે. શહેરના ડીસીપી ટ્રાફિક અનિલ યાદવે કહ્યું છે કે વધતા પ્રદૂષણને ધ્યાનમાં રાખીને નોઈડા પોલીસે વિશેષ અભિયાન શરૂ કર્યું છે. તેમણે કહ્યું કે શહેરમાં ૧૦ વર્ષ જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત પોલ્યુશન સર્ટિફિકેટ અને ફિટનેસ સર્ટિફિકેટ વગરના વાહનો સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે ૧૭૫ જેટલા વાહનો જપ્ત કર્યા છે અને ૭૦૦૦ વાહનોને દંડ ફટકાર્યો છે.

નિષ્ણાતોનું માનવું છે કે વધતા પ્રદૂષણથી આંખોમાં ડ્રાઈનેસની સમસ્યા વધી શકે છે. પ્રદૂષણની સાથે ઝેરી તત્વો, સીસું, કાર્બન મોનોક્સાઈડ અને પરાળીના ધુમાડાથી આંખોની સમસ્યા વધી શકે છે. આવી સ્થિતિમાં આંખોમાં પાણી આવવું, આંખો લાલ થવી, એલર્જી વધવી જેવી અનેક સમસ્યાઓ થઈ શકે છે. જે સમયે આંખોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. જેના કારણે આંખોની રોશની પણ જઈ શકે છે.

પ્રદૂષણના ખતરનાક સ્તરને લઈ ગુરૂગ્રામના ડીએમએ કચરા બાળવા પર કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે.હવે અહીં શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. તે જ સમયે, વૈજ્ઞાનિકોએ આગામી બે અઠવાડિયા દરમિયાન દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણના સ્તરમાં વધારો થવાની ચેતવણી આપી છે.

સફદરજંગ હોસ્પિટલના મેડિસિન વિભાગના વડા, જુગલ કિશોરે જણાવ્યું હતું કે, "એ સલાહ આપવામાં આવે છે કે ક્રોનિક બ્રોક્રાઈટિસ અને અસ્થમા જેવી શ્વાસોશ્વાસની સમસ્યાઓથી પીડિત લોકો નિયમિતપણે તેમની દવાઓ લે અને જ્યાં સુધી એકદમ જરૂરી ન હોય ત્યાં સુધી ખુલ્લામાં ન જાઓ." લોકો તેમના ઘરમાં એર પ્યુરિફાયરનો ઉપયોગ કરે. હાલના સમયમાં પ્રદૂષકોના સંચય પાછળનું એક મુખ્ય કારણ ચોમાસા પછી વરસાદની ગેરહાજરી છે. દિલ્હીના પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે બુધવારે કહ્યું હતું કે સરકાર એવા વિસ્તારોમાં બાંધકામના કામ પર પ્રતિબંધ લાદશે જ્યાં સતત પાંચ દિવસ સુધી એકયુઆઈ ૪૦૦ પોઈન્ટથી વધુ નોંધાયો હતો. સરકારે વાહનોના પ્રદૂષણને કાબૂમાં લેવા માટે 'રેડ લાઈટ ઓન ગાડી બંધ' ઝુંબેશ શરૂ કરી છે અને જાહેર પરિવહનને મજબૂત કરવા અને વાહનોના પ્રદૂષણને ઘટાડવા માટે ૧,૦૦૦ ખાનગી સીએનજી બસો ભાડે કરવાની યોજના બનાવી છે.

## લોકસભા પહેલાં ED અને ITના ગુજરાતમાં દરોડા, ૧૫૦ અધિકારીઓનો કાફલો ત્રાટક્યો

અમદાવાદ,

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલાં ઈડી અને આઈટી વિભાગ સક્રિય તઈ ગયો છે. આજે ગુજરાતના અલગ અલગ શહેરોમાં કેન્દ્ર સરકારની આ બંને એજન્સીઓએ દરોડા પાડ્યા છે. જેમાં મોટા માથાઓના નામ બહાર આવ્યા છે. IT વિભાગે અમદાવાદના જાણીતા અવિરત ગ્રુપ સહિત ૪ ગ્રુપ પર કાર્યવાહી કરી બિલ્ડર ગ્રુપ સાથે સંકળાયેલા અમદાવાદના ટોચના બે બ્રોકર પણ ઈક્મટેક્સ વિભાગના રડારમાં છે. આ કાર્યવાહીને પગલે આજે બિલ્ડર લાંબીમાં ફફડાટ વ્યાપી ગયો છે.ઈડીએ દાની ગેમીગ એપ સાથે સંકળાયેલા લોકો પર તવાઈ બોલાવી છે. આજે ગુજરાતમાં મની લોન્ડરિંગ કેસમાં ઑનલાઈન ગેમિંગ એપ પર દરોડા પાડવામાં આવ્યા છે. અમદાવાદ, કચ્છ, નવસારી, દિલ્હી સહિત ૧૪ સ્થળે ઈડીએ દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી દરમિયાન ઈલેક્ટ્રિક સાધનો સહિત કેટલાક દસ્તાવેજ પણ EDના અધિકારીઓએ જપ્ત કર્યા છે. આ દસ્તાવેજની વિગતવાર તપાસ બાદ સ્ફોટક ખુલાસા થઈ શકે છે.

લોકસભાની ચૂંટણી અને દિવાળીના તહેવારો સમયે બિલ્ડરોને ઘી કેળાં છે. હાલમાં ધૂમ બુકીંગની સિઝન વચ્ચે આઈટીની કાર્યવાહીથી અનેક ચર્ચાઓ જાગી છે. અમદાવાદમાં સાયન્સ સિટી રોડ સહિતશહેરના અલગ અલગ વિસ્તારમાં પ્રોજેક્ટ ધરાવતા બિલ્ડરોને ત્યા દરોડા પાડવામાં આવ્યા છે. ત્રિકમ પટેલ, અનિલ પટેલ બિલ્ડર્સના ઠેકાણા સહિત ૨૪ જેટલા સ્થળોએ આઈટી વિભાગની ટીમો પહોંચી છે. ઈક્મટેક્સનો ૧૫૦ થી પણ વધુ અધિકારીઓનો કાફલો તપાસમાં જોડાયો છે. તપાસના અંતે મોટા પ્રમાણમાં બેનામી સંપત્તિ મળી આવે તેવી શક્યતા છે. આવકવેરા વિભાગને આ તમામ બિલ્ડર્સના ત્યાં બેનામી સંપત્તિ હોવાના ઈનપુટ મળ્યા હતા,

આજે સવારથી આ કાર્યવાહીને પગલે બિલ્ડરો પણ ચોંક્યા છે. અવિરત ગ્રુપના કનુ પટેલ, સંદીપ પટેલ અને બળદેવ પટેલને ત્યાં પણ તપાસ ચાલી રહી છે. હાઈકોર્ટ પાસે આવેલી ઓફિસ સહિત અન્ય ઓફિસો પર પણ આવકવેરા વિભાગની તપાસ ચાલુ છે. આ પહેલા અમદાવાદમાં બે કેમિકલ કંપની પર આવકવેરા વિભાગે સર્ચ ઓપરેશન કર્યુ હતુ. બ્લીચ કેમ અને ધારા કેમિકલ કંપની પર ૫ દિવસ સુધી આવકવેરા વિભાગની કાર્યવાહી ચાલી હતી. આવકવેરા વિભાગની તપાસમાં મળ્યા ૨૦૦ કરોડ રુપિયાના બિનહિસાબી વ્યવહાર મળી આવ્યા હતા.

ગુજરાતમાં આ એપ્લિકેશનમાં મોટાપાયે મનીલોન્ડરીંગ થયું હોવાની આશંકાઓ છે. દાની ડેટા એપ્લીકેશન ઠગાઈ મામલે ઈડીએ સકંજો કસ્યો છે. ઈડીએ પાલનપુરમાં સાયબર ક્રાઈમની એફઆઈઆરના આધારે તપાસ શરૂ કરી હતી. ચીની મૂળના શખ્સે ઓનલાઈન ગેમિંગ એપ બનાવીને હજારો ભારતીયો સાથે કરોડો રૂપિયાની ઠગાઈ આચરી હતી દાની ડેટામાં પ્રતિ ગેમમાં ઓછામાં ઓછો ૦.૭૫ ટકા રિટર્ન આપવાનો દાવો કરાતો હતો. ડીસેમ્બર ૨૦૨૧માં શરૂ થયેલી એપ્લિકેશન જૂન ૨૦૨૨માં બંધ થઈ ગઈ હતી. આ મામલે કરોડો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાના દાવાઓ થયા હતા પણ ગુજરાત પોલીસે આ દાવાઓને ખોટા ઠેરવ્યા હતા. હવે આ કેસમાં EDની એન્ટ્રીથી કેસ ચર્ચાસ્પદ બની ગયો છે. EDને આ કેસમાં મોટી સફળતા મળી હોવાના દાવાઓ થઈ રહ્યાં છે.

## આતંકવાદ સ્વીકાર્ય નથી, પરંતુ પેલેસ્ટાઈનનો મુદ્દો પણ ઉકેલવો જોઈએ : એસ.જયશંકર

નવીદિલ્હી,

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈઝરાયલ-હમાસ યુદ્ધને લઈને રોમમાં મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે "આતંકવાદ સ્વીકાર્ય નથી, પરંતુ પેલેસ્ટાઈનનો મુદ્દો પણ ઉકેલવો જોઈએ.'' તેમણે રોમ સેનેટના ફોરેન અફેર્સ એન્ડ ડિફેન્સ કમિશનના સંયુક્ત સચિવ સત્રમાં આ વાત કહી હતી. જયશંકરે કહ્યું હતું કે ૭ ઓક્ટોબરે સૌથી મોટો હુમલો થયો હતો. આતંકવાદ પર હુમલો થયો અને તે પછી જે કંઈ થઈ રહ્યું છે તે તેની પ્રતિક્રિયા છે. તે આખા દેશને એક અલગ દિશામાં લઈ ગયો છે. પરંતુ ચોક્કસપણે દરેકને આશા હોવી જોઈએ કે આ વિવાદનો અંત આવશે અને પ્રદેશમાં થોડો સહયોગ થશે. શાંતિ અને સ્થિરતા પછીથી આવશે. તેમણે કહ્યું કે વિવિધ વિવાદોને લઈને સંતુલન જાળવવાની જરૂર છે. ઈઝરાયલ-પેલેસ્ટાઈન વિવાદ પર નવી દિલ્હીની સ્થિતિને પુનરોચ્ચાર કરતા તેમણે આ વાત કહી.

## રાજકોટમાં બોગસ બિલિંગ પર GST ત્રાટક્યું, ૧૪૭૬ કરોડનું બોગસ બિલિંગ કોભાંડ ઝડપાયું

રાજકોટ,

રાજકોટમાં જીએસટી વિભાગે બોગસ બિલિંગના કેસમાં સપાટો બોલાવી મોટી કાર્યવાહી કરી છે.કાર્યવાહીમાં સોની બજારમાં આવેલી વી.પી.જવેલર્સને સીલ કરવામાં આવી છે.૧ હજાર ૪૭૬ કરોડથી વધુ બોગસ બિલિંગ કૌભાંડ મામલે સીલની કાર્યવાહી કરવામાં આવી છે.જો કે સીલ કરતા પહેલા માલીકને જાણકારી પણ આપવામાં આવી હતી જીએસટી વિભાગની કાર્યવાહીને લઈ સોના બજારના વેપારીઓમાં ફફડાટ જોવા મળે છે.બોગસ બિલિંગ દ્વારા કૌભાંડ કરનારા પર આ પ્રકારની કાર્યવાહી જ કરવામાં આવશે.

સેન્ટ્રલ જીએસટીની DGGIની ટીમે પૂર્વ બાતમીના આધારે ગઈકાલ અને આજે સોના-ચાંદી – હિરાનાં બુલીયન માર્કેટ સાથે સંકળાયેલા આસ્થા ટ્રેડીંગનાં સંકુલમાં તપાસ હાથ ધરતા રૂ.૧૪૬૭ કરોડનું બોગસ બીલીંગ કૌભાંડ ઝડપી લેવામાં આવ્યું હતું. આ કૌભાંડનો આંકડો વધવાની ટીમે શંકા વ્યક્ત કરી છે.

નોંધનીય છે કે રાજકોટની સોની બજારમાં આવેલી આસ્થા ટ્રેડિંગ નામની પેઢીમાંથી ૧૪૬૭ કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ ઝડપાયું હતું. આસ્થા ટ્રેડિંગ નામની પેઢીની તપાસમાં વી.પી. જ્વેલર્સનું નામ ખુલ્યું હતું. આસ્થા ટ્રેડિંગમાં જીએસટીની તપાસમાં બહાર આવ્યું હતું કે સોની બજારના કુલ ૪૮ વેપારીઓએ ખોટા બિલો થકી નાણાકીય વ્યવહાર કર્યા હતા. દિવાળી બાદ વધુ ૪૦ વેપારીઓને ત્યાં તપાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. ડીજીજીઆઈ દ્વારા વી.પી જવેલર્સને ત્યાં નોટિસ ફટકારવામાં આવી હતી. વી.પી જ્વેલર્સ ના અલગ અલગ દસ્તાવેજોની પણ અધિકારીઓ દ્વારા તપાસ કરવામા આવી હતી.

## ગુજરાત સરકારના ૧૨ સનદી અધિકારીઓની ચાર રાજયના ઓબ્ઝર્વર તરીકે જવાબદારી સોંપાઈ

ગાંધીનગર,

આગામી દિવસોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને મિજોરમ તેમજ તેલંગાના ખાતે વિધાનસભાની ચૂંટણી યોજવા જઈ રહી છે ત્યારે ગુજરાત રાજ્યના ૧૨ સનદી અધિકારીઓને ચાર રાજયના ઓબ્ઝર્વર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. જોકે, તેલંગાનામાં ભાષા ખૂબ જ મહત્વનો મુદ્દો હોવાથી એક પણ અધિકારી તેલંગાના જશે નહીં.

ચાર અધિકારીઓ રાજસ્થાન, ત્રણ અધિકારીઓ મધ્યપ્રદેશ, ત્રણ અધિકારીઓ છત્તીસગઢ અને બે અધિકારીઓ મિઝોરમમાં ફરજ બજાવે રહ્યા છે. આ ચાર રાજયો ઉપરાંત તેલંગાણા ખાતે વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. અલબત્ત ભાષાકીય તકલીફને લીધે રાજયના કોઈ અધિકારીને ચૂંટણીની જવાબદારી સોંપાઈ નથી. રાજયના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા કુલ ૧૯ જેટલા અધિકારીઓના નામોની યાદી કેન્દ્રીય ચૂંટણી પંચને મોકલવામાં આવી હતી. જે પૈકીના બે અધિકારીઓના નામ પાછળથી ઉમેરવામાં આવતા તેની સામે બાર અધિકારીઓના નામ પર મંજૂરીની મહોર લગાડવામાં આવી છે.

રાજસ્થાન ચૂંટણી દરમિયાન હર્ષદ પટેલ, બીએચ તલાટી, એ બી રાઠોડ અને સીબી બલાત ફરજ બજાવશે. જ્યારે મધ્ય પ્રદેશમાં આલોક પાંડે, મનીષકુમાર એસ પી ભગોરાને જવાબદારી સોંપવામાં આવી છે. ઉપરાંત છત્તીસગઢ માટે સિંગ રાકેશ શંકર અને એચ જે દેસાઈની નિમણૂંક થઈ છે. જ્યારે મિઝોરમ માટે સુઝલ મિયાત્રા અને રણજીથ કુમારના નામ સરકારને મોકલી આપવામાં આવ્યા છે. લિસ્ટ મુજબના હજુ સુધી અધિકારીઓને ચૂંટણીની કામગીરી સોંપાઈ નથી, એમાં બીપી ચૌહાણ, એસ કે મોદી, કે એસ વસાવા, એલ એમ ડીંડોડ અને લલિત નારાયણ સંધુને જવાબદારી સોંપાઈ નથી. આમ, અન્ય રાજ્યોની ચૂંટણીના પગલે ગુજરાત રાજ્યના અધિકારીઓ દિવાળી પછી કચેરીમાં ઉપલબ્ધ નહીં હોય.

## ભાવનગરનો દરિયાઈ પટ્ટો અસુરક્ષિત, મરીન પોલીસની સરકારી બોટ બંધ હાલતમાં



ભાવનગર,

દેશના અનેક દરિયાઈ માર્ગો પર તસ્કરી, ડ્રગ્સ અને ગેરકાયદે પ્રવૃત્તિ થતી હોવાનું સામે આવી ચૂક્યું છે. ગુજરાતમાં પણ આવા અનેક કિસ્સા સામે આવ્યા છે. જેના કારણે સૌથી મહત્વની છે, દરિયાઈ સુરક્ષા. ત્યારે, ભાવનગરના દરિયાઈ કિનારાની સુરક્ષા કરતી મરીન પોલીસની સરકારી બોટ બંધ હાલતમાં હોવાનું સામે આવ્યું છે. મરીન પોલીસ પાસે માત્ર એક જ બોટ છે અને એ પણ બંધ હાલતમાં. આ બોટ રાજ્ય સરકાર પાસેથી મરીન પોલીસને મળી હતી. પરંતુ તેના એન્જિનમાં ખામી આવતા તે બંધ પડી છે. તો, સવાલ ઉઠે છે ભાવનગરના ૧૫૨ કિલોમીટરના દરિયાઈ પટ્ટાની સુરક્ષાનો. જ્યારે બોટ બંધ હાલતમાં છે, તો સુરક્ષા અને પેટ્રોલિંગ કામગીરી કઈ રીતે થઈ રહી છે ?

મહત્વનું છે, દરિયાઈ સુરક્ષા માટે રાજ્ય સરકારે ૨૦૦૯માં આધુનિક બોટ આપી હતી. જેમાં ભાવનગર મરીન પોલીસને દરિયામાં પેટ્રોલિંગ માટે ૩ બોટ અપાઈ હતી. જેમાંથી ૨ બોટ ૧૨ ટનની અને એક ૫ ટનની હતી. દરિયાઈ પેટ્રોલિંગ માટે ૧.૨૫ કરોડની ઈન્ટર-સેપ્ટર સિક્યુરિટી વ્હિકલ સ્પીડબોટ અપાઇ હતી. પરંતુ હાલ આ બોટ ભાવનગરના દરિયામાં કાર્યરત નથી. ભાવનગર મરીન પોલીસનું દરિયાઈ પેટ્રોલિંગ લાંબા સમયથી બંધ છે. ત્યારે, સાંભળો શું કહ્યું મરીન પોલીસના અધિકારીએ.

મહત્વનું છે, રાજ્યમાં દરિયાઈ પટ્ટાથી અવારનવાર ડ્રગ્સ ઘુસાડવાના પ્રયત્ન થતા રહ્યા છે. તેમજ માફિયાઓ પોતાના કામને અંજામ આપે છે. જેને લઈ રાજ્ય સરકાર સત્તત પ્રયત્ન કરી રહી છે, કે ડ્રગ્સની હેરાફેરી અને આતંકવાદી પ્રવૃત્તિ બંધ થાય. ત્યારે, બોટ બંધ થવાથી સુરક્ષા પર કેટલી અસર થશે? પોલીસ અધિકારીનો દાવો છે, કે પ્રાઈવેટ બોટ મારફતે દરિયામાં નજર રખાઈ રહી છે અને પોલીસ પણ તૈનાત રખાઈ છે. તેમજ જે બોટ બંધ છે તે પણ જલ્દી જ રીપેર થઈને આવી જશે. જો કે અસુરક્ષા જેવો કોઈ સવાલ નથી.

આમંત્રણ

|| જય મહારાજ ||

devasya Since 1994

દેવસ્ય સુપરસ્પેશ્યાલિટી કિડની + મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ્સ

નડિયાદ બ્રાન્ચ - શુભારંભ

For Google Map Location

દેવસ્ય,
શ્લોક મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
શ્રી માઇ મંદિરની સામે, માઇ મંદિર રોડ, નડિયાદ.



કિડની અને પેશાબનાં રોગો માટેની જાણીતી બ્રાન્ડ એટલે દેવસ્ય

આશીર્વચન

પ.પૂ. સંત શ્રી નિર્ગુણદાસજી મહારાજ, સંતરામ મંદિર, નડિયાદ

૫મી નવેમ્બર ૨૦૨૩, રવિવાર, સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦

પ્રસંગ સાનિધ્ય:
શ્રી દેવાંગભાઈ પટેલ (ઈપ્કો પરિવાર)
શ્રી દેવુસિંહ જે. ચૌહાણ, મિનિસ્ટર ઓફ સ્ટેટ ફોર મિનિસ્ટ્રી કોમ્યુનિકેશન્સ, ભારત સરકાર
ડૉ. અભય ખાંડેકર, ચેરમેન, સિધ્ધિવિનાયક હોસ્પિટલ્સ
ડૉ. એન.ટી. શાહ, શ્લોક મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ, નડિયાદ
શ્રી પંકજભાઈ વી. દેસાઈ, મા. ધારાસભ્યશ્રી, નડિયાદ (ગુજરાત)
ડૉ. હેમાંગ બક્ષી, રોબોટિક યુરો ઓન્કોલોજિસ્ટ, HCG કેન્સર સેન્ટર
શ્રી કૌશલભાઈ ઠાકર, ચેરમેન, હ્યુમન રાઈટ્સ કમીશન
શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, ભાજપ પ્રમુખ, ખેડા જિલ્લો (ગુજરાત)

નિમંત્રક:
ડૉ. દિનેશ ડી. પટેલ, ચેરમેન
ડૉ. જયસુખ ડી. રાજ, ડિરેક્ટર
આશિષ બી. ઝીંઝુવાડીયા, મેનેજીંગ ડિરેક્ટર
અકબરખાન બાબા
દેવસ્ય ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ

શુભેચ્છક:
ડૉ. રાહુલ ચતુર્વેદી
ડૉ. ઉમેશ ગોધાણી
ડૉ. નીરવ મહેતા
ડૉ. વિનોદ કંસારા
ડૉ. નીતા ઠાકરે
ડૉ. કૃતિ ગોધાણી
ડૉ. અંકિત વ્યાસ
ડૉ. ખુશાલી વ્યાસ
ડૉ. અમિષ શાહ
ડૉ. સોહિલ શાહ
ડૉ. નિલેશ ચૌહાણ
ડૉ. પ્રદીપ ત્રિવેદી
ડૉ. તનિષ મોદી
ડૉ. કંદર્પ ત્રિવેદી
ડૉ. વિજય ભાટિયા
ડૉ. કમલ સોની
ડૉ. મનાલી જૈન
ડૉ. કેશવ શર્મા
ડૉ. રજની સતાણી
ડૉ. આશિષ શાહ
કિશોરભાઈ ત્રિવેદી
ચેતનભાઈ શાહ
જીતેન્દ્રસિંહ રાઓલ
શ્રી ભૂપેન્દ્રભાઈ દેસાઈ, પ્રમુખ - નડિયાદ એજ્યુ. સોસાયટી, શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય
ડૉ. હસિત મહેતા, ટ્રસ્ટી, સમજુલક્ષ્મી હોસ્પિટલ, નડિયાદ
ડૉ. અનિલ ઝા, કાર્ડિયાક સર્જન, મહાગુજરાત હોસ્પિટલ, નડિયાદ
ડૉ. જ્યોતિ ઝા, ઇન્ટરનેશનલ કાર્ડિયોલોજીસ્ટ, મહાગુજરાત હોસ્પિટલ, નડિયાદ
રુમિત હર્ષદભાઈ શાહ (શાહ ગોરધનદાસ નાનાભાઈ), નડિયાદ
ડૉ. વિપુલ શાહ, સર્જન, નડિયાદ
ડૉ. ચેતન જે. શાહ, સર્જન, નડિયાદ
ડૉ. વિક્રમ વાળંદ, ફિઝીશીયન, નડિયાદ
ડૉ. કુશલ પરીખ, પ્રમુખ, IMA, નડિયાદ
ડૉ. શૈલેષ રાવલ, સર્જન, નડિયાદ
ડૉ. શિલ્પી રાવલ, ગાયનેક, નડિયાદ
ડૉ. નીતિન પરમાર, સર્જન, નડિયાદ
ડૉ. અશોક એમ. શાહ, નડિયાદ
તેજસ એન. મિસ્ત્રી, મયુર ટ્રેડર્સ, નડિયાદ
ડૉ. મયંક શાહ, ફિઝીશીયન, પાલનપુર
ડૉ. આશિષ જોશી, ફિઝીશીયન, પાલનપુર
સુરેશ બ્રહ્મભટ્ટ, શિવાય ઇન્ફ્રાસ્ટ્રક્ચર
પંકિલ કાંટાવાલા, કાંટાવાલા ફર્મિગ્રેશન
કેતન એચ. દવે, પત્રકાર
નિશિત પાલખીવાલા, એડવોકેટ
તીર્થરાજ એ. પંડ્યા, એડવોકેટ, ગુજ. હાઇકોર્ટ
વિનોદચંદ્ર જી. કક્કર, એડવોકેટ, ગુજ. હાઇકોર્ટ
છોટુભાઈ ગોગદા, એડવોકેટ
ધર્મેશ એન. વંકર, ડિરેક્ટર, SSIT
જીગ્નેશ એમ. પટેલ, ડિરેક્ટર, ખોડીયાર કેડ સેંટર
ડૉ. સિદ્ધાર્થ કાપડિયા, વિશ્વ હેલ્થ ટુરિઝમ
ડૉ. હાર્દિક જાસોલીયા, સુરત
ડૉ. જયદીપ પટેલ, સુરત
નિખિલ બૂટાણી, સુરત
ડૉ. વી.બી. કાસુન્દ્રા, રાજકોટ
ડૉ. ધવલ ગોધાણી, રાજકોટ
ડૉ. મિતેષ એમ. પટેલ, કલોલ
કરુણેશ પંચમવેદી, પત્રકાર
ડૉ. રાજેન કોન્ટ્રાકટર, જનરલ સર્જન, નડિયાદ
ડૉ. ભાવેન શાહ, પીડિયાટ્રિશન, નડિયાદ
ડૉ. મહેશ ગંજેલીયા
ડૉ. સુમિત પંડ્યા
ડૉ. કૌશિક ચૌધરી
દિનેશ મકવાણા, માર્ગી ગ્રાફિક્સ

| નડિયાદ | વાડજ | મણિનગર | બોપલ | નરોડા | ગાંધીનગર | સુરત | પાલનપુર |
|---|---|---|---|---|---|---|---|
| 90999 44233 | 98250 65605 | 98250 15626 | 90999 25275 | 98250 32275 | 90999 45656 | 90999 48686 | 90999 17979 |
| 90999 66433 | 98250 65275 | 90999 35275 | 90999 25276 | 70699 32275 | 90999 45757 | 90999 46363 | 90999 36767 |

projectdevasya@gmail.com / nadiaddevasya@gmail.com www.devasyahospital.com

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુરમાં રખડતા પશુઓનો વધી રહેલો આંતક

સંતરામપુર,

સંતરામપુર નગરના વિવિધ વિસ્તારોમાં રખડતા પશુઓ વાહન ચાલકો માટે અને રાહદારી માટે જીવનો જોખમ રસ્તાની વચ્ચે અડીંગો જમાવીને ઊભા થઈ જતા હોય છે અને તોફાની બનતા ઉભા રહેલા વાહન ચાલકોને પણ નુકસાન પહોંચાડતા હોય છે, જયારે કેટલીક વાર રસ્તાની વચ્ચે વોચ ઊભા થઈ જવાના કારણે કલાકો સુધી ટ્રાફિક સમસ્યા પણ વધતી જાય છે. બપોરે મેન બજારમાં ૧૦ થી ૧૫ જેટલા એક સાથે રખડતા પશુઓ રસ્તાની વચ્ચોવચ ઊભા થઈ જતા કલાકો સુધી ટ્રાફિક સમસ્યા જોવા મળી આવેલી હતી. સરકાર દ્વારા રખડતા પશુઓને પકડી લેવાનો પરિપત્ર કરવા છતાંય આજ સુધી પાલિકા દ્વારા



કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. બે થી ત્રણ વખત રખડતા પશુઓ તોફાની બને અને આંતક મચાવે ત્યારે કેટલાક લોકોને નુકશાન પણ પહોંચાડે છે અને વાહન ચાલકોને પણ મોટાભાગનું નુકશાન થતું હોય છે. દિન પ્રતિદિન રખડતા પશુઓ કારણે ગંભીર સમસ્યા બનતી જાય છે. ખાસ કરીને મોટા બજાર, ગોધરા ભાગોળ અને નાના નાના વિસ્તારોમાં ઊભા થઈ જતા હોય છે અને બીજી બાજુ તોફાની બને એટલે કેટલાક લોકોને નુકશાન પણ પહોંચાડતા હોય છે. પાલિકા દ્વારા આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી જ નથી. રખડતા પશુઓને માલિકો છુટા મૂકી દેવાના કારણે નગરજનો માટે માથાનો દુખાવો બન્યો છે અને જોખમકારક ઊભું થયેલું છે. પોતાના પશુઓને ઘર આંગણે રાખવાના બદલે ખુલ્લા છોડી મૂકવામાં આવે છે. આ ગામની અંદર મુશ્કેલી ઉભી કરી મૂકે છે, પરંતુ આજે સુધીના રખડતા પશુઓ પર કે માલિકો પર કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને સૌથી વધારે રાહતદારીઓ અને વાહન ચાલકો ભોગ બનતા હોય છે. ગમે ત્યારે પણ આવા રખડતા પશુઓના કારણે મોટી દુર્ઘટના પણ બની શકે છે. ભૂતકાળમાં ત્રણ વ્યક્તિને રખડતા પશુઓ હોય મારીને નીચે પાડી દેતા આજદિન સુધી પથારી અવસ્થામાં છે. તેવી પરિસ્થિતિ સંતરામપુરમાં જોવા મળી આવેલી છે.

### લુણાવાડા નગરમાં સ્વચ્છતા અભિયાન માત્ર પોસ્ટરો પર

# જૂનાબસ ડેપો પાછળ કચરો એકત્ર કરવાના કન્ટેનરો કચરામાં : અસહ્ય ગંદકીથી રહીશો ત્રસ્ત



લુણાવાડા,

લુણાવાડા નગરમાં સ્વચ્છતા અભિયાન માત્ર પોસ્ટરો પર હોય તેવા દશ્યો જોવા મળી રહ્યા છે. છેલ્લા કેટલાય સમયથી લુણાવાડા નગરપાલીકામાં સતા હાલ વહીવટદાર થી ચાલી રહી છે. શાસન પર સરકારી અધિકારી છે, ત્યારે નગરની સુખાકારીની કાળજી લેવા સુદ્ધાં કોઈ તૈયાર નથી. અનેક વિસ્તારોમાં ગંદકીના સામ્રાજયએ માઝા મુકી છે. એક તરફ સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે મચ્છરજન્ય રોગો માંથુ ઉચકે તેવી પરિસ્થિતિનું નિર્માણ પાલીકા તંત્રની બેદરકારીના કારણે થાય તો નવાઈ નહીં. આશ્ચર્યની વાત એ છે કે નગરમાં વિવિધ વિસ્તારોમાં કચરો એકત્ર કરવાના કન્ટેનર જ લાંબા સમયથી લુણાવાડા જૂના બસ ડેપો પાછળના ભાગમાં કચરામાં જોવા મળી રહ્યાં છે. આ કન્ટેનર અને અસહ્ય ગંદકીના કારણે આસપાસના રહીશોના આરોગ્યને પણ જોખમ સર્જાયેલું છે. અનેક વખત મૌખિક રજુઆતો કરી પરંતુ તેમની રજુઆતો પાલીકા તંત્રના બહેરા કાને અથડાઈને પાછા આવે છે. અગાઉ પણ આજ સ્થળે કચરાના કન્ટેનર લાંબા સમય સુધી કચરામાં પડી રહ્યાં બાદ ખવાઈ ગયાં હતા. તંત્ર દ્વારા હરાજી કરી તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. ત્યારે લાંબા સમયથી પડી રહેલા આ બીજા કન્ટેનરોની પણ આ જ દશા થાય તેવું ચર્ચાઈ રહ્યું છે. બીજી તરફ લોકોમાં એ પણ ચર્ચા છે કે, આ કન્ટેનરો વધારાના છે. કોઈ જરૂરિયાત વગર લાંબા સમયથી અહીં નાખી રાખવામાં આવ્યા છે, તો પ્રજાના પૈસે જરૂરિયાત વગરના કન્ટેનરની ખરીદી કેમ કરવામાં આવી તે પણ એક તપાસનો વિષય છે.

# દિવાળીમાં બસમાં મુસાફરી કરનારોને નહીં પડે હાલાકી, એસટી વિભાગ બે હજારથી વધુ એક્સ્ટ્રા બસ દોડાવશે

અમદાવાદ,

દિવાળી પર્વ પર લોકો તહેવાર મનાવવા પોતાના વતન જતા હોય છે. આવા સમયે રેલવે અને જીમાં મુસાફરોની સંખ્યા વધી જતી હોય છે. જો કે આ વર્ષે દિવાળીમાં મુસાફરોને હાલાકી ન પડે તે માટે રેલવે વિભાગ બાદ હવે એસટી વિભાગ પણ ચિંતિત બન્યું છે. મુસાફરો માટે દિવાળી પર્વ પર એક્સ્ટ્રા બસોનું સંચાલન પણ હાથ ધર્યું છે.એસટી વિભાગે ૨૨૦૦ એક્સ્ટ્રા બસ દોડાવવાનો નિર્ણય લીધો છે.

દિવાળીનો પર્વ હવે નજીક છે. દિવાળી વેકેશમાં લોકો પોતાના પરિવાર સાથે ફરવા અથવા તો પોતાના વતન જતા હોય છે. મોટી સંખ્યામાં લોકો દિવાળીમાં એક સ્થળેથી બીજા સ્થળે પ્રવાસ કરતા હોય છે. દર વર્ષે ટ્રેન, બસ અને ખાનગી બસોમાં એડવાન્સ બૂકિંગ થઈ જતુ હોય છે. ટ્રેન અને એસટી બસોમાં વેઈટિંગ ચાલતા હોય છે. જેના કારણે છેલ્લી ઘડીએ પ્રવાસનું આયોજન કરનારા લોકોને હાલાકી પડતી હોય છે. ત્યારે આ વર્ષે આવા લોકોને હાલાકી ન પડે તે માટે એસટી વિભાગ દ્વારા પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

ગત વર્ષની સરખામણીએ આ વર્ષે એસટી વિભાગ દ્વારા લગભગ ૨૦ થી ૩૦ ટકા વધારે બસોનું સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે. એસટી વિભાગમાંથી મળતી માહિતી પ્રમાણે ગત વર્ષે ૧૫૦૦ જેટલી બસોનું સંચાલન કરાયું હતું. જ્યારે આ વર્ષે ૨૨૦૦ જેટલી એક્સ્ટ્રા બસોનું સંચાલનનું આયોજન કરાયું છે. જે એ જ બતાવે છે કે મુસાફરોની સંખ્યામાં આ વખતે ગત વર્ષની સરખામણીએ વધુ વધારો નોંધાઈ શકે છે.

જી વિભાગ દ્વારા ૨૨૦૦ જેટલી એક્સ્ટ્રા બસોના સંચાલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધારે ૧૭૦૦ બસ માત્ર સુરત શહેર માટે જ ફાળવવામાં આવી છે. કારણ કે સુરત શહેર કાપડ અને રત્ન ઉદ્યોગ સાથે જોડાયેલું સૌથી મોટું શહેર છે. સુરતમાં સૌથી વધારે નોકરિયાત વર્ગ જોવા મળે છે, મોટાભાગે અન્ય રાજ્યના લોકો ત્યાં વસવાટ કરીને નોકરી કરતા હોય છે. જેથી સુરત શહેરથી સૌથી વધારે લોકો પોતાના વતન એવા અન્ય શહેર વડોદરા, અમદાવાદ, રાજકોટ કે પછી સૌરાષ્ટ્રના શહેર જતા હોય છે. જેને લઈને સુરત માટે જ માત્ર ૧૭૦૦ જેટલી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ સિવાય દાહોદ, પંચમહાલ જેવા જિલ્લાઓમાં પણ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું છે. તે સિવાય દિવાળી પર્વ પર જો કોઈ પણ સ્ટેશન કે ડેપો ખાતે મુસાફરોની સંખ્યા વધે અને ભીડ થાય તો તેવા સમયે ત્યાંના મેનેજરને જરૂર જણાય તે પ્રમાણે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવા પણ સૂચન કર્યું છે. જેથી મુસાફરોની ભીડને પહોંચી શકાય અને લોકોને સુવિધા પણ આપી શકાય. એક્સ્ટ્રા બસો ૭ નવેમ્બરથી દિવાળીના સમયગાળા દરમિયાન ચલાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગત વર્ષે જી વિભાગ દ્વારા જે ૧૫૦૦ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. જે સંચાલન થકી ૩ લાખથી પણ વધારે મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો. જેના કારણે એસટી વિભાગને અંદાજે ૬ કરોડ જેટલી આવક થઈ હતી.આ વર્ષે જ્યારે બસોના સંચાલનમાં વધારો કર્યો છે. ત્યારે એસટી વિભાગને અંદાજ છે કે ગત વર્ષની સરખામણી આ વર્ષે એસ ટી વિભાગ ને લગભગ બે કરોડ જેટલી વધુ આવક થશે. એટલે કે એસટી વિભાગે ૮ કરોડ જેટલી આવકનો અંદાજ દિવાળી સમય દરમિયાન લગાવ્યો છે.

## કચ્છની ધરા ધ્રુજી : દુધઈ નજીક ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ, સ્થાનિકોમાં ફેલાયો ફફડાટ

ભુજ,

કચ્છની ધરા ફરી એકવાર ભૂકંપના આંચકાથી ધણધણી ઉઠી છે. અંજાર તાલુકાના દુધઈમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનો આંચકો ૪.૧ની તીવ્રતાના પગલે સ્થાનિક લોકોમાં ભય ફેલાઈ ગયો હતો. જોકે, હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ સામે આવ્યા નથી. નોંધનીય છે કે, ગઈકાલે જ બુધવારે દુધઈ પાસે ૨.૦૮ની તીવ્રતાનો ધરતીકંપનો આંચકો આવ્યા હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના દુધઈથી ૨૯ કિલોમીટર દૂર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૧ નોંધાઈ છે. ભૂકંપનું કેન્દ્ર બિંદુ દુધઈથી ૨૯કિલોમીટર દૂર નોંધાયું છે. પૃથ્વીની અંદર ૭ પ્લેટ્સ હોય છે, જે સતત ફરતી રહેતી હોય છે. જ્યાં આ પ્લેટ અથડાઈ છે તેને ઝોન ફોલ્ટ લાઈન કહે છે. વારંવાર ટકરાવાને કારણે આ પ્લેટ્સના ખૂણા વળે છે અને દબાણને કારણે તૂટવા લાગે છે. નીચેની ઊર્જા બહાર આવવાનો રસ્તો શોધે છે જેને કારણે ભૂકંપ આવે છે.

## સંતરામપુર આદિવાસી કોલેજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજયો




સંતરામપુર,

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાં આચાર્ય ડો. અભય પરમાર ના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. યુનિટ અને વહીવટી તંત્ર સંતરામપુર સી.વી પટેલ (પ્રાંત અધિકારી સંતરામપુર), આઇ.પી. પઠાણ (મામલતદાર સંતરામપુર), બળવંતભાઈ તાવિયાડ (ના.મામલતદાર) વીણાબેન મહીડા (ના.મામલતદાર) તથા ડો.શંકર પ્રજાપતિ, ડો.અમૃત ઠાકોર, ડો.હિતેશ વાઢિયા તથા વિદ્યાર્થીઓની પ્રેરક ઉપસ્થિતિમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં મામલતદાર અને પ્રાંત દ્વારા વિદ્યાર્થીઓને નવું મતદાર કાર્ડ કાઢવા, સરનામું બદલવા, નામ કમી કરવા, નામમાં સુધારો કરવા જેવી વિગતે માહિતી આપી હતી. એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા સ્ટેજ વ્યવસ્થા, બેઠક વ્યવસ્થાની કામગીરી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એન.એસ.એસ. યુનિટના કો.ઓર્ડીનેટર ડો.પંકજ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે બળવંતભાઈ તાવિયાડ દ્વારા વિદ્યાર્થીઓને પ્રશ્નોતરી કરી અને ઈનામ આપવામાં આવ્યા હતા અને આભાર વિધિ કરવામાં આવી હતી.

## નેત્રંગમાં ૫૦ હજારની લાંચ માગતા પોલીસ કોન્સ્ટેબલનો વહીવટ કરનાર GRD ઝડપાયો

ભરૂચ,

ગુજરાતમાં લાંચના કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. નેત્રંગ પોલીસ સ્ટેશનમાં લાંચ માંગતા પોલીસ કોન્સેટબલ અને જીઆરડી લાંચ કેસમાં પકડાયા છે,જે પૈકી પોલીસ કોન્સેટબલ ફરાર થઈ ગયો છે.જ્યારે જીઆરડી આરોપી પકડાઇ ગયો છે. એસીબીઈ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે એસીબીએ ઝટકું ગોઠવીને પોલીસ કોન્સટેબલ અને એલઆરડીને ટ્રેપ માં પકડીયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ફરિયાદીનીના નાના ભાઈને ઈંગ્લિશ દારૂ સાથે પકડાઈ ગયો હતો તેની સામે કેસ ન કરવા માટે એક લાખની માંગણી કરી હતી, આ કેસમાંથી નામ કાઢી નાંખવા માટે ૫૦ હજારમાં ડીલ કોન્સેટબલ છનાભાઈ શાંતિલાલ વસાવાએ તેમના સાથી એલઆરડીને પૈસા આપવાનું કહ્યુ હતુ આ મામલે ફરિયાદીએ એસીબીને ફરિયાદ કરી હતી ,ફરિયાદના આધારે એસીબીએ છટકું ગોઠવ્યું હતું જેમાં જીઆરડી દોલતસિંહ પાંચીયાભાઈ વસાવા ૫૦ હજાની લાંચ લેતા ઝડપાઈ ગયા હતા જયારે આરોપી હેડ કોન્સટેબલ ફરાર થઈ ગયા છે. પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ : આજે કોઈ અચાનક સારા સમાચાર આવશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો.

વૃષભ : ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે. આધ્યાત્મિકતા અને ધર્મમાં રુચિ વધશે.

મિથુન : આજે ખૂબ સંઘર્ષ કર્યા પછી તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.

કર્ક : આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો. ઉતાવળમાં મોટા નિર્ણયો ના લેશો. જો તમે મુસાફરી કરવાની યોજના ઘડી રહ્યા છો તો પછી પરિવારમાં સહમતિ સાધો.

સિંહ : આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય. સાંજના સમયે કોઈ વિશેષ મહેમાન આવી શકે છે.

કન્યા : આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે. મિત્રોમાં રમૂજ વધશે.

તુલા : આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છો. પ્રગતિની આ ગતિ જાળવવી એ તમારું મુખ્ય કાર્ય હોવું જોઈએ, નહીં તો ભવિષ્યમાં પ્રતિષ્ઠાને ફટકો પડશે.

વૃશ્ચિક : તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.

ધન : આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો. આજે કોઈને પૈસા ઉધાર ના આપો, તમને તે પાછું મળશે નહીં.

મકર : આજે તમે કારણ વગર ચિંતામાં અને પરેશાન રહેશો. આજે કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે, તેમાંથી કેટલીક તમે તમારા સ્વભાવથી ઊભી કરી હોઈ શકે છે. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં વિરોધીઓની ભીડ તમારી સામે ઊભી રહી શકે છે.

કુંભ : આજે તમને કોઈ નવા સંપર્કથી લાભ મળશે. ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ. વ્યાવસાયિક વિકાસથી આત્મવિશ્વાસ વધશે.

મીન : આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી. જો તમે નોકરી-ધંધા વગેરે ક્ષેત્રે સંપૂર્ણ સુધારણા ઈચ્છતા હોવ તો તમારે આળસ અને આરામનો ત્યાગ કરવો પડશે. આજે તમારે તમારા કામમાં વધુ ધ્યાન આપવાની જરૂર છે.

# કેન્દ્ર અને રાજ્ય સરકારના કર્મચારીઓ 'જૂના પેન્શન'ના મુદ્દે એકત્ર થઈ રહ્યા છે. "પેન્શન જયઘોષ મહારેલી"નું આયોજન



નવીદિલ્હી,

સરકારી કર્મચારીઓએ 'જૂનું પેન્શન' પુનઃસ્થાપિત કરવા અને અન્ય ઘણી માંગણીઓને લઈને શુક્રવારે દિલ્હીના રામલીલા મેદાનમાં ચેતવણી રેલીનું આયોજન કર્યું છે. આ પહેલા પણ ઓપીએસની માંગને લઈને બે મોટી રેલીઓ થઈ હતી. કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને કામદારોના સંઘના બેનર હેઠળ યોજાયેલી આ રેલીમાં ઓલ ઈન્ડિયા સ્ટેટ ગવર્મેન્ટ એમ્પ્લોઈઝ ફેડરેશન સહિત ૫૦ જેટલા કર્મચારી સંગઠનોએ ભાગ લીધો હતો. કર્મચારીઓએ જણાવ્યું હતું કે ઓપીએસ સહિતની અન્ય માંગણીઓ અંગે કેન્દ્ર સરકારે હકારાત્મક વિચારણા કરવી પડશે. જો કેન્દ્ર સરકાર એનપીએસ નાબૂદ કરવા અને ઓપીએસ પુનઃસ્થાપિત કરવા જેવી અન્ય માંગણીઓ નહીં સ્વીકારે તો કર્મચારીઓ અનિશ્ચિત મુદતની હડતાળ જેવા કડક પગલાં પણ લઈ શકે છે.

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને કામદારોના સંઘના મહાસચિવ એસ.બી. યાદવે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારમાં નિયમિત ભરતી દ્વારા ખાલી પડેલી જગ્યાઓ ભરવા, ખાનગીકરણ પર પ્રતિબંધ, આઠમા પગાર પંચની રચના અને ૧૮ મહિનાના ડીએના એરિયર્સને મુક્ત કરવા દરમિયાન અટકાવવામાં આવી હતી. કોરોના કાળ, આ છે આ બાબતો પણ કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં સામેલ છે. સરકારી કર્મચારીઓની પડતર માંગણીઓને લઈને ગત વર્ષથી તબક્કાવાર દેખાવો થઈ રહ્યા છે. ડિસેમ્બર ૨૦૨૨ના રોજ દિલ્હીના તાલકટોરા ઈન્ડોર સ્ટેડિયમમાં કર્મચારીઓના સંયુક્ત રાષ્ટ્રીય અધિવેશનના મેનિફેસ્ટો અનુસાર કર્મચારીઓના અભિયાનને આગળ વધારવામાં આવી રહ્યું છે. કામદારોની માંગણીઓ માટે રાજ્યોમાં પણ કોન્ફરન્સ/સેમિનાર અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. હવે આ એપિસોડમાં દિલ્હીના રામલીલા મેદાનમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીમાં દેશના વિવિધ ભાગોમાંથી સરકારી કર્મચારીઓએ ભાગ લીધો હતો.

તેથી, આ રેલીની મુખ્ય માંગણીઓમાં પીએફઆરડીએ એક્ટમાં સુધારો કરવો અથવા તેને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો સમાવેશ થાય છે, તેથી આ સંદર્ભે પોસ્ટરો અને બેનરો રામલીલા મેદાનમાં લગાવવામાં આવ્યા હતા. તેમને લખવામાં આવ્યું હતું કે સરકાર પીએફઆરડીએ અને એફએસઈટીઓ પાછી ખેંચી લે. કર્મચારી સંગઠનોના આગેવાનોએ જણાવ્યું હતું કે જ્યાં સુધી આ કાયદો રદ નહીં થાય ત્યાં સુધી વિવિધ રાજ્યોમાં અમલમાં આવી રહેલી ઓપીએસનો માર્ગ મુશ્કેલ રહેશે. કારણ એ છે કે એનપીએસ હેઠળ કર્મચારીઓ પાસેથી કાપવામાં આવેલા પૈસા પીએફઆરડીએમાં જમા થાય છે. કેન્દ્ર સરકારે કહ્યું છે કે તે પૈસા રાજ્યોને પરત કરવામાં આવશે નહીં. આવી સ્થિતિમાં, જ્યાં પણ ઓપીએસલાગુ કરવામાં આવી રહી છે, ત્યાં સરકાર પરિવર્તન સાથે એનપીએસ ફરીથી લાગુ કરી શકાય છે. આવી સ્થિતિમાં, રાજ્યો દ્વારા કરવામાં આવી રહેલા ઓપીએસ પુનઃસ્થાપનમાં ઘણા મુદ્દાઓ અટવાયેલા રહેશે. કર્મચારી આગેવાનોએ કહ્યું હતું કે કેન્દ્ર અને રાજ્યોના જે વિભાગોમાં કોન્ટ્રાક્ટ પર અથવા દૈનિક વેતન પર કર્મચારીઓ છે તેમને કોઈપણ વિલંબ વિના નિયમિત કરવામાં આવે. ખાનગીકરણ બંધ કરવું જોઈએ અને સરકારી સાહસોનું કદ ઘટાડવાનો સરકારનો ઈરાદો બંધ કરવો જોઈએ. લોકશાહી ટ્રેડ યુનિયનોના અધિકારો સુનિશ્ચિત કરવા જોઈએ. રાષ્ટ્રીય શિક્ષણ કાર્યક્રમ છોડી દેવો જોઈએ અને આઠમા પગાર પંચની રચના કરવી જોઈએ.

જૂના પેન્શનના મુદ્દે કેન્દ્ર અને રાજ્ય સરકારના કર્મચારીઓ એકઠા થઈ રહ્યા છે. દિલ્હીનું રામલીલા મેદાન જૂના પેન્શન માટે સરકારી કર્મચારીઓની લડાઈનું સાક્ષી છે. ત્રણ મોટી રેલીઓ બાદ ૧૦મી ડિસેમ્બરે ઓલ ઈન્ડિયા એનપીએસ એમ્પ્લોઈઝ ફેડરેશન દ્વારા 'પેન્શન જયઘોષ મહારેલી'નું આયોજન કરવામાં આવશે. આ રેલીની થીમ 'ઓલ્ડ પેન્શન સ્કીમ ઈન્ડિયા માટે નેશનલ મિશન' રાખવામાં આવી છે. ઓલ ઈન્ડિયા એનપીએસ એમ્પ્લોઈઝ ફેડરેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.મનજીત પટેલનું કહેવું છે કે જો કેન્દ્ર સરકાર ૧૦ ડિસેમ્બર સુધીમાં જૂનું પેન્શન પુનઃસ્થાપિત નહીં કરે તો રેલીમાં અચોક્કસ મુદતની હડતાળનું એલાન કરવામાં આવશે.

ડો.મનજીત પટેલના જણાવ્યા મુજબ ૧૦ ડિસેમ્બરે યોજાનારી રેલીની તૈયારીઓ ઘણા સમયથી ચાલી રહી હતી. રેલીમાં લગભગ દોઢ ડઝન કેન્દ્રીય સંગઠનો અને ઘણા રાજ્યોના સંગઠનો/એસોસિએશનો ભાગ લેશે. આ રેલી કેન્દ્ર સરકાર માટે અલ્ટીમેટમ છે. જો સરકાર ડિસેમ્બરમાં ઓપીએસની પુનઃસ્થાપના અંગે કોઈ નક્કર જાહેરાત નહીં કરે તો જાન્યુઆરી ૨૦૨૪થી હડતાળ શરૂ થશે. કેન્દ્ર અને રાજ્યોના કર્મચારીઓના સંગઠનોએ સરકારને સ્પષ્ટપણે કહ્યું છે કે તેઓ ગેરંટી વિના એનપીએસ યોજના નાબૂદ કરવા અને નિશ્ચિત અને ગેરંટી સાથે 'જૂની પેન્શન યોજના'ને પુનઃસ્થાપિત કરવા સિવાય કંઈપણ સ્વીકારશે નહીં. નવી દિલ્હીના રામલીલા મેદાનમાં ૧૦ ઓગસ્ટે કર્મચારીઓની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.ઓપીએસ માટે રચાયેલી નેશનલ જોઈન્ટ કાઉન્સિલ ઓફ એક્શનની સ્ટીયરિંગ કમિટીના રાષ્ટ્રીય સંયોજક અને સ્ટાફ સાઈડ નેશનલ કાઉન્સિલ જેસીએમના સેક્રેટરી શિવગોપાલ મિશ્રાએ રેલીમાં કહ્યું હતું કે જો લોકોમાં જૂનું પેન્શન લાગુ નહીં કરવામાં આવે તો તો ભાજપને વિધાનસભાની ચૂંટણી બાદ પરિણામ ભોગવવા પડશે. કર્મચારીઓ, પેન્શનરો અને તેમના સંબંધીઓ સહિત, આ સંખ્યા દસ કરોડને પાર કરે છે. ચૂંટણીમાં મોટો અપસેટ સર્જવા માટે આ સંખ્યા મહત્વની છે.

# દાહોદ વિધાનસભામાં ૩૪ કરોડના ખર્ચે નવીન બનનાર રસ્તાઓ માટે સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે ખાતમુહૂર્ત વિધિ હાથ ધરવામાં આવી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ વિધાનસભા મા સમાવિષ્ટ છ જિલ્લા પંચાયત સીટોમાં ગલાલીયાવાડ, જાલત, ખંગેલા, ખરોડ, ખરોદા, ઉચવાણીયાના ૨૫ થી વધુ ગામોમાં સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે દિવાળી પૂર્વે નવીન રસ્તાઓ માટે લોકોની સુવિધા હેતુ ૩૪ કરોડના ખર્ચે નવીન બનનાર ડામર, સીસી રોડ માટે ભૂમિ પૂજન, ખાતમુહૂર્ત વિધિ હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે દાહોદના ધારાસભ્ય કનૈયાભાઈ કિશોરી, જિલ્લા પંચાયતના પ્રમુખ કરણભાઈ ડામોર, દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મૂકેશ લબાના, જિલ્લા પંચાયત સીટના સદસ્યો સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. છ જિલ્લા પંચાયત સીટોના ગામોમાં બોરવણી થી બિલવાળા, ખજૂરીથી ચામુંડા માતા મંદીર, રાજપુર થી પ્રાઈમરિ સ્કૂલ, રેટીયા થી નાળા ફળિયા, ખંગેલાથી ખજુરી, ઈટાવા થી સમુડા રાવત કોતર સુધીનો રોડ, ગલાલિયાવાડ થી રળીયાતી સહિત વિવિધ રસ્તાઓ માટે ભૂમિ પુજન ખાતમુહૂર્ત વિધિ હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદ જશવંતસિંહ ભાભોરે લોકોને સંબોધીને જણાવ્યું હતું. અંતરિયાળ વિસ્તારના ગામડાના લોકોને પણ મુખ્ય પાયાની સુવિધારૂપ રસ્તાની સુવિધા મળી રહે સહેલાઈથી લોકો અવરજવર કરી શકે તે માટે નવીન ૪૩ રસ્તાઓ માટે વિકાસ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. વધુમાં તેઓએ દાહોદ જિલ્લાનો દરેક ક્ષેત્રે સર્વાંગી વિકાસ કરવાની નેમ લઈને ચાલતા હોવાનું જણાવી ગુજરાત તેમજ કેન્દ્ર સરકારની વિકાસલક્ષી યોજનાઓ લોકો સમક્ષ મૂકી હતી.

# મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત ખાસ ઝુંબેશ દિવસની તારીખોમાં ફેરફાર

દાહોદ,

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૦૧લી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

રાજ્યભરમાં ખાસ સંક્ષિપ્ત સુધારણાના સમયગાળા દરમિયાન ખાસ ઝૂંબેશ દિવસ તરીકે અગાઉ નિયત કરવામાં આવેલી તા.૦૪/૧૧/૨૦૨૩ અને તા.૦૨/૧૨/૨૦૨૩ એમ બે તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર હવે તા.૦૪/૧૧/૨૦૨૩ના બદલે તા.૨૬/૧૧/૨૦૨૩ (રવિવાર) તથા તા.૦૨/૧૨/૨૦૨૩ના બદલે તા.૦૯/૧૨/૨૦૨૩ (શનિવાર)ને ખાસ ઝૂંબેશ દિવસ તરીકે નિયત કરવામાં આવ્યો છે. આ સાથે જ ખાસ ઝૂંબેશ દિવસ તરીકે નિયત કરવામાં આવેલા તા.૦૫/૧૧/૨૦૨૩ (રવિવાર) અને તા.૦૩/૧૨/૨૦૨૩ (રવિવાર) ના દિવસોએ ખાસ ઝુંબેશ યથાવત રાખવામાં આવી છે. આ દિવસે બૂથ લેવલ ઑફિસર્સ સવારે ૧૦.૦૦થી સાંજે ૦૫.૦૦ વાગ્યા દરમિયાન સંબંધિત બૂથ પર હાજર રહેશે અને નાગરિકોને રૂબરૂ જોવા માટે મતદારયાદી ઉપલબ્ધ કરાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વયજૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચના Voter Helpline App અને VSP ઉપર ઑનલાઈન ફોર્મ ભરી શકાશે.

# ગોધરા અર્બન કો.ઓપ.બેંક લી. ડિજિટલ સર્વિસમાં મોખરે

ગોધરા,

ધી ગોધરા અર્બન કો.ઓ.બેંક લી ગોધરા, પંચમહાલ જીલ્લા,મહીસાગર તથા દાહોદ જીલ્લાની તમામ કો.ઓપ.બેંકમાં ડીઝીટલ સેવાઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે. BANCO તરફથી સંસ્થાને ૧૦૦ થી ૧૨૫ કરોડ રૂપિયાની થાપણો ધરાવતી ભારતની તમામ કો.ઓપ. સંસ્થાઓમાં ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨, અને ૨૦૨૨-૨૩ નો ટોપ મેનેજમેન્ટ સંદર્ભે અનુક્રમે મચસુર, લોનાવાલા, માથેરન અને દમણ ખાતે યોજાયેલ ઈઅગઈઘ ઈક્ર્અઊ RBBION ટોપ મેનેજમેન્ટ સંદર્ભે ગોધરાની બેંકે પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. ગ્રાહકોની ડિજિટલ સેવાઓને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરેલી તમામ ગાઈડ લાઈનનું પાલન કરતી ધી ગોધરા અર્બન કો.ઓપ.બેંકને FSWM (Financial Sound And Well Management) નું પ્રમાણ પત્ર મળેલ છે. જે સંસ્થા સાથે જોડાયેલ તમામ ખાતેદારો, સભાસદો માટે ગૌરવ સમાન બાબત ગણાય છે. તા.૩૦.૧૦.૨૦૨૩ નાં રોજ અમદાવાદ ખાતે NPCI દવારા યોજાયેલ NPCI PRODUCT સંદર્ભે થયેલ Quiz Competition તેમા ગુજરાતની વિવિધ કો.ઓ.બેંક તથા આર.આર.બી બેંક ના કુલ ૩૭૬ પદાધિકારીઓએ ભાગ લીધો હતો. તેમાં IMPSની Quiz Competitionમાં બેંકના મેનેજર ફીદાઅલી.એમ. અંતેલાવાલા તથા ઓફીસર હીમાની.જે. જોષી દ્વીતીય તથા તૃતીય ક્રમે રહયા હતા. તેમ NFS ની Quiz Competitionમાં બેંકના ઓફીસર સૈફી.એચ ખોખાવાલા તથા ઓફીસર હીમાની જે જોષી પાંચમા તથા છઠ્ઠા ક્રમે રહેલ હતા. સંસ્થાનાં બોર્ડ ઓફ ડીરેકટર્સ તમામને અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ ગ્રાહકોને ડીજીટલ સર્વિસના માદયમથી સુરક્ષીત તથા નવી ટેકનોલોજી યુકત તમામ સેવાઓ મળી રહે તેવી કટીબદ્ધતાં દર્શાવી હતી. ચેરમેન પુનાવાલા અને વા.ચેરમેન સાહેરવાલાએ સંસ્થાને સેવા સંદર્ભે અને નફા સંદર્ભે દિન-પ્રતિદિન પ્રગતીના પંથ પર લઈ જવાની વાત કરી હતી. તેમ ગોધરા અર્બન કો.ઓ.બેંકના એમ.ડી.એ એક યાદીમાં જણાવ્યું છે.

# મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત ખાસ ઝુંબેશ દિવસ

ગોધરા,

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૦૧લી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

રાજ્યભરમાં ખાસ સંક્ષિપ્ત સુધારણાના સમયગાળા દરમિયાન ખાસ ઝૂંબેશ દિવસ તરીકે તા.૦૫/૧૧/૨૦૨૩ (રવિવાર), તા.૨૬/૧૧/૨૦૨૩(રવિવાર), તા.૦૩/૧૨/૨૦૨૩ (રવિવાર) અને તા.૦૯/૧૨/૨૦૨૩ (શનિવાર)ના રોજ ખાસ ઝૂંબેશ દિવસ તરીકે નિયત કરવામાં આવ્યો છે. આ દિવસે બૂથ લેવલ ઑફિસર્સ સવારે ૧૦.૦૦થી સાંજે ૦૫.૦૦ વાગ્યા દરમિયાન સંબંધિત બૂથ પર હાજર રહેશે અને નાગરિકોને રૂબરૂ જોવા માટે મતદારયાદી ઉપલબ્ધ કરાવશે.

ખાસ ઝુંબેશના દિવસે પંચમહાલ જિલ્લાના તમામ મતદાન મથકો ખાતે બુથ લેવલ ઓફિસરઓ મતદાનમથક ખાતે હાજર રહી હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વયજૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચના Voter Helpline App અને VSP ઉપર ઑનલાઈન ફોર્મ ભરી શકાશે તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી પંચમહાલ-ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર બાઈક ચાલકનું અકસમાત થતાં ઘટના સ્થળે મોત

ગોધરા,

ગોધરા વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ પોપટપુરા ગામે સાંજા ચૂલા હોટલ સામે વેજલપુર ગામનો યુવાન બાઈક લઈ ગોધરા તરફ જતા બાઈકના પાછળના ભાગે મોટી ટ્રકના ચાલકે ભયંકર ટક્કર મારતા બાઈક ચાલક ટ્રકના ટાયર નીચે આવી જતા બાઈક ચાલકનું ઘટણા સ્થળે કમકમાટી ભર્યું મોત નિજપ્યું હતું. જેની જાણ પરિવારને થતા પરિવાર ઉપર આભ તૂટી પડ્યો હતો અને એક પરિવારે પોતાનો એક સદસ્ય ગુમાવ્યો હતો. અને આ બનાવ અંગેની જાણ ગામ જનોને થતા મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા અને ગામમાં શોકનો માહોલ સર્જાયો હતો અને ડેડ બોડીને પીએમ અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો અને તેઓનો જનાજો કબ્રસ્તાન લઈ જતાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.



# ધાનપુરના નળુ ગામે ખેતર માંથી ૩૨.૭૩ લાખના લીલા ગાંજાના જથ્થા સાથે ખેતર માલિકને ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નળુ ગામે એક ખેતર માલિક દ્વારા પોતાના માલીકીના ખેતરમાં ગાંજાના છોડનું વાવેતર કરતાં દાહોદ એસ.ઓ.જી. શાખાએ ઓચિંતી રેડ પાડી લીલા ગાંજાના કુલ ૬૬૨ કિંમત રૂા.૩૨,૭૩,૦૦૦ ના લીલા ગાંજાના છોડ સાથે ખેતર માલિકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૦૧ નવેમ્બરના રોજ દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે ધાનપુર તાલુકાના નળુ ગામે નાકા ફળિયામાં રહેતાં ગોપસિંગભાઈ સોકાભાઈ ઉર્ફે સાંકલાભાઈ બારીઆના માલીકીના કબજા ભોગવટાના ખાતા નંબર ૩૯૯ તથા સર્વે નંબર ૦૩ વાળા ખેતર ખેતરમાં ઓચિંતો છાપો મારતાં પોલીસે ખેતરમાં વાવેતર કરેલ લીલા ગાંજાના કુલ ૬૬૨ છોડ જેનુ વજન ૩૨૭.૩૦૦ કિલો ગ્રામ કિંમત રૂા.૩૨,૭૩,૦૦૦ ના લીલા ગાંજાના છોડ સાથે ખેતર માલિક ગોપસિંગભાઈ સોકાભાઈ ઉર્ફે સાંકલાભાઈ બારીઆની પોલીસે અટકાયત કરી આ સંબંધે દાહોદ એસ.ઓ.જી. પોલીસે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના દેવધા ગામેથી ૧૧ ફૂટ લાંબો અજગર રેસ્ક્યુ કરાયો



દાહોદ,

તા.૩.૧૧.૨૩ના રોજ દેવધા ગામે અનિકેતભાઈના ખેતરમાં અજગર દેખાતા તેઓએ પ્રકૃતિ મિત્ર મંડળના સભ્યો અંકિત કટારા અને કલ્પેશ કતીજાને જાણ કરી હતી. ત્યારબાદ દાહોદ વનવિભાગ તેમજ પ્રકૃતિ મિત્ર મંડળની ટીમ દ્વારા મહાકાય અજગરનું રેસ્ક્યુ કરવામાં આવતા ગામવાળાઓએ નિરાંતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ ૧૧ ફૂટ લંબાઈ અને ૨૨ કિલો વજન ધરાવતા આ અજગરને વનવિભાગની મદદથી સહી સલામત રાહે જંગલમાં તેને છોડી દેવામાં આવ્યો હતો.

# ગરબાડાના બાવકા ગામે ૪૨ વર્ષીય આધેડે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના બાવકા ગામે એક ૪૯ વર્ષિય આધેડ વ્યકિતએ અગમ્યકારણોસર ઝાડ સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

ગરબાડા તાલુકાના બાવકા ગામે સીમળખેડી ફળિયામાં રહેતાં ૪૯ વર્ષીય હિમસિંગભાઈ દિતાભાઈ દેવળે ગત તા.૦૧ નવેમ્બરના રોજ પોતાના ગામમાં એક નીલગીરીના ઝાડ સાથે દોરડું બાંધી આગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાને પગલે સ્થળ પર લોટકોળા ઉમટી પડચાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ પણ ગોડી ગઈ હતી. પોલીસે મૃતક હિમસિંગભાઈના મૃતદેહને ઝાડ પરથી નીચે ઉતારી નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આ સંબંધે લીમખેડા તાલુકાના જાદા ખેરીયા ગામે મંદીર ફળિયામાં રહેતાં ચુનીલાલ દિતાભાઈ દેવળે જેસાવાડા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના કઠલા ગામે પતિ અને સાસરીયાના ત્રાસથી પરણિતાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર

દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામે પતિ તથા સાસરીયાઓના શારિરીક અને માનસીક ત્રાસથી વાજ આવેલ પરણિતાએ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

દાહોદ તાલુકાના નવા ઝુપડા ફળિયામાં રહેતાં પાયલબેનના લગ્ન દાહોદ તાલુકાના કઠલા ગામે મંદિર ફળિયામાં રહેતાં અરવીંદભાઈ સામજીભાઈ ડામોર સાથે થયાં હતા. ત્યારે લગ્ન જીવન દરમ્યાન પરણિતા પાયલબેનને તેનો પતિ અરવીંદભાઈ તથા સાસરી પક્ષના સોબનભાઈ સામજીભાઈ ડામોર, મંજુબેન સોબનભાઈ ડામોર, વજુભાઈ સામજીભાઈ ડામોર, રેખાબેન વજુભાઈ ડામોર અને કમલીબેન સામજીભાઈ ડામોરનાઓ અવાર નવાર પરણિતા પાયલબેનને ઘરના કામકાજ બાબતે મેણા ટોણા મારી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં હતાં ત્યારે પાયલબેનના પતિ અરવીંદભાઈ તથા જેઠાણી મંજુબેનનાઓના આડા સંબંધ બાબતે પાયલબેને ઉપરોક્ત પોતાના પતિ તથા સાસરીયાઓને કહેવા જતાં પાયલબેનને, તુ ખોટી રીતે શક વહેમ કરૂં છું, તેમ કહી પાયલબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા પાયલબેને પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતક પરણિતા પાયલબેનને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં.

આ સંબંધે દાહોદ તાલુકાના નવા ઝુપડા ફળિયામાં રહેતાં સમસુભાઈ સોમજીભાઈ બીલવાળે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના તરમકાંચ ગામે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાતા એક વ્યકિતનું મોત નિપજાવા પામ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના તરમકાંચ ગામે એક મોટરસાઈકલના ચાલકે સામેથી આવતી અન્ય એક મોટરસાઈકલને ટક્કર મારતાં મોટરસાઈકલ પર સવાર બે પૈકી એકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યાંનું જ્યારે અન્ય એક શરીરે ઈજાઓ પહોંચતાં સારવાર માટે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

ધાનપુર તાલુકાના વાખસીયા ગામે નાનાવાખસીયા ફળિયામાં રહેતાં નીલેશભાઈ જુવાનસીંગ બારીઆ તથા તેમની સાથે અન્ય એક વ્યક્તિ મળી બે વ્યક્તિઓ એક મોટરસાઈકલ પર સવાર થઈ દેવગઢ બારીઆથી પરત ધાનપુર ખાતે પોતાના ઘરે આવી રહ્યાં હતા. તે સમયે રસ્તામાં તરમકાંચ ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી નીલેશભાઈની મોટરસાઈકલ સાથે ધડાકાભેર અથડાવતાં નીલેશભાઈ અને તેમની સાથેના અન્ય એક વ્યકિત મળી બંન્ને વ્યકિતઓ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટાકાયાં હતા. જેને પગલે નીલેશભાઈને શરીરે, હાથે, પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં નીલેશભાઈનું મોત નીપજ્યું હતું. ત્યારે તેમની સાથેના અન્ય એક વ્યક્તિને શરીરે ઈજાઓ પહોંચતાં તેમને નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. માર્ગ અકસ્માત સર્જનાર મોટરસાઈકલના ચાલકને પણ શરીરે ઈજાઓ પહોંચી હતી અને તે માર્ગ અકસ્માત સર્જી પોતાના કબજાની મોટરસાઈકલ સ્થળ પર મુકી નાસી જતાં આ સંબંધે મૃતક નીલેશભાઈના પિતા જુવાનસીંગ સુરસીંગભાઈ બારીઆએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જલજીવન મિશન કૌભાંડ: રાજસ્થાનમાં ૨૫ સ્થળો પર દરોડા

જયપુર,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) રાજસ્થાનમાં ૨૫ સ્થળો પર દરોડા પાડી રહી છે. સૂત્રોએ આ માહિતી આપી છે. સૂત્રોએ જણાવ્યું છે કે રાજસ્થાનમાં આઈએએસ અધિકારીના સ્થળો સહિત કુલ ૨૫ સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. ઈડીની આ કાર્યવાહી જલ જીવન મિશન કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક સપ્તાહમાં રાજસ્થાનમાં ઘણી જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા છે. રાજધાની જયપુરથી લઈને ઘણા મોટા શહેરોમાં ED દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

વાસ્તવમાં, રાજસ્થાનના ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરાએ પદ્મચંદ જૈન અને અન્ય સહિત ખાનગી કોન્ટ્રાક્ટરો સામે ગેરકાયદેસર રક્ષણ મેળવવા, ટેન્ડરો મેળવવા, બિલ મંજૂર કરવા અને કોન્ટ્રાક્ટ સંબંધિત ગેરરીતિઓ છુપાવવા અધિકારીઓને લાંચ આપવાના આરોપો દાખલ કર્યા છે. એફઆઈઆર નોંધવામાં આવી હતી. આ તમામે જાહેર આરોગ્ય અને એન્જિનિયરિંગ વિભાગના અધિકારીઓને લાંચ આપી હતી. આ પછી ઈડીએ જલ જીવન મિશન સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં તપાસ શરૂ કરી. તે જ સમયે, બીજેપીના રાજ્યસભા સાંસદ કિરોરી લાલ મીણાએ જૂનમાં આરોપ લગાવ્યો હતો કે રાજસ્થાનમાં જલ જીવન મિશન લાગુ કરવાના નામે ૨૦ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે. તેમણે આરોપ લગાવ્યો કે મિશનના ૪૮ પ્રોજેક્ટ્સમાં નકલી અનુભવ પ્રમાણપત્રોના આધારે બે કંપનીઓને ૯૦૦ કરોડ રૂપિયાના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. કિરોની લાલ મીણાએ કહ્યું હતું કે, 'કેન્દ્ર સરકારના જલ જીવન મિશન હેઠળ ૨૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે. આ બધું પીએચઈડી મંત્રી અને વિભાગના સચિવ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે કેન્દ્ર સરકારના જલ જીવન મિશનનો ઉદ્દેશ્ય ઘરેલું નળ કનેક્શન દ્વારા સુરક્ષિત અને પર્યાપ્ત પીવાનું પાણી પૂરું પાડવાનો છે. રાજસ્થાનમાં તેને લાગુ કરવા માટે પીએચઈડી જવાબદાર છે.અગાઉ, સપ્ટેમ્બર મહિનામાં, ઈડીએ જયપુરમાં જલ જીવન મિશન સાથે સંકળાયેલા શંકાસ્પદોના ઘણા બેંક લોકરની તપાસ કરી હતી. આ દરમિયાન ૫.૮૬ કરોડની કિંમતનું સોનું અને ચાંદી જપ્ત કરવામાં આવી હતી. કુલ મળીને ઈડીએ ૯.૬ કિલો સોનું અને ૬.૩ કિલો ચાંદી જપ્ત કરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.64

# શિક્ષણ મંત્રીના હસ્તે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિંઝોલ ખાતે આદિવાસી અસ્મિતા પર્વ શિબિરનો પ્રાંરભ કરાયો







- સ્વચ્છતા, સમાનતા અને બંધુત્વની સાથે આજે દેશભરમાં એન.એસ.એસ. વિભાગ વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર.
- આગામી સમયમાં કેવડીયા ખાતે દેશનું ટ્રાઈબલ મ્યુઝિયમ બનશે જેથી આદિવાસી સમાજની સભ્યતા અને પરંપરાગત તથા રહેણી કહેણી વિશે આવનાર પેઢી જાણી શકશે.
- સરકારશ્રીએ દેશની આઝાદીમાં પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર જનજાતિ સમાજના ગુમનામ નાયકોના મહિમાને ઉજાગર કર્યો.

**: મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર :**

ગોધરા,

ગોધરા તાલુકાના વિંઝોલ સ્થિત શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ખાતે સાત દિવસીય ''આદિવાસી અસ્મિતા પર્વ'' થીમ આધારિત રાષ્ટ્રીય એકતા શિબિરનું આયોજન ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, ગાંધીનગર અને રાજ્ય એન.એસ.એસ. સેલ તથા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિંઝોલના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. રાજ્યના શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરના હસ્તે રાષ્ટ્રીય એકતા શિબિરને ખુલ્લી મુકવામાં આવી હતી.યુનિવર્સિટી ખાતે પંચમહાલ, દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી સંસ્કૃતિ કલા તેમજ જનજાતિ સમાજના ગુમનામ નાયકોનું ટ્રાઇબલ ચેર હેઠળ પ્રદર્શન રાખવામાં આવ્યું હતું જેનું મંત્રીશ્રી અને મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને મહાનુભાવોના સ્વાગત થકી કરાઈ હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરે ગુજરાત સરકારશ્રી વતી યુનિવર્સિટી ખાતે પધારેલા અલગ અલગ રાજ્યના ૧૮૮ વિદ્યાર્થીઓને આવકારતા જણાવ્યું કે, એન.એસ.એસની શરૂઆત મહાત્મા ગાંધીજીના વિચારોને ફલિતાર્થ કરવા ૧૯૬૯ થી કરાઈ હતી. સ્વચ્છતા, સમાનતા અને બંધુત્વની સાથે આજે દેશભરમાં એન.એસ.એસ વિભાગ વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર છે. તેમણે દેશની આઝાદીમાં પોતાના પ્રાણની આહુતિ આપનાર વીર નાયકોને યાદ કરીને જણાવ્યું કે, સરકારશ્રી દ્વારા અનેક નાયકોના ઈતિહાસને ઉજાગર કરવામાં આવ્યો છે. ભારતની ભૂમિ પર બિરસા મુંડા,શ્રી ગોવિંદ ગુરૂ જેવા અનેક આદિજાતિ જન નાયકોનું સ્થાન અદકેરૂં રહ્યું છે.

દેશમાં આ જન નાયકોએ સમાજ સુધારણા, રાષ્ટ્રભાવના, બલિદાન, સ્વતંત્રતા, ભક્તિ આંદોલન, વ્યસન મુક્તિ સહિત અનેક ચળવળો ચલાવી હતી. સરકારશ્રીએ જન નાયકોના માનમાં તથા ભારતની આદિવાસી પરંપરાના મહિમાને ઉજાગર કરવા ૧૫ નવેમ્બરને આદિવાસી ગૌરવ દિવસ તરીકે જાહેર કર્યો છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૨માં આદિવાસી સમાજના ઈતિહાસ માનગઢને વિશ્વવ્યાપી ઓળખ આપી છે.

દેશનો વિદ્યાર્થી અભ્યાસની સાથે સેવા, પ્રામાણિકતા, નમ્રતા, શ્રમ નિષ્ઠા, સંસ્કાર, નેતૃત્વ અને રાષ્ટ્રભક્ત બને તે જરૂરી છે. દેશના ઈતિહાસમાં પ્રાચીન વિદ્યાપીઠોનું મહત્વનું સ્થાન રહ્યું છે. આગામી સમયમાં કેવડીયા ખાતે દેશનું ટ્રાઈબલ મ્યુઝિયમ બનશે. જેથી આદિવાસી સમાજની સભ્યતા અને પરંપરાગત તથા રહેણી કહેણી વિશે આવનાર પેઢી જાણી શકશે.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી પ્રતાપસિંહ ચૌહાણએ જણાવ્યું કે, દેશભરમાં પ્રથમ વખત યુનિવર્સિટી ખાતે આદિવાસી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે,સાત દિવસીય આ શિબિરમાં વિદ્યાર્થીઓ પોતાના રાજ્યોની આદિવાસી અસ્મિતાની બાબતો રજૂ કરશે અને લોકો પણ અસ્મિતાને નજીકથી જાણે તે માટે પ્રયત્નો કરવામાં આવશે. તેમણે કહ્યું કે, યુનિવર્સિટીએ છેલ્લા સાત વર્ષમાં અનેક સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે.સરકારશ્રીના પ્રયત્નોથી મધ્યગુજરાતના આદિવાસી વિદ્યાર્થીઓને ઘરઆંગણે શિક્ષણનું પ્લેટફોર્મ મળ્યું છે. આજે યુનિવર્સિટી હસ્તક ૩૦૦ કોલેજોમાં ૧ લાખ ૫૦ હજારથી વધુ આદિવાસી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.૮૫૦ વિદ્યાર્થીઓ પી.એચ.ડી કરી રહ્યા છે. શોધ યોજના અંતર્ગત આદિવાસી વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ ૧૦ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવે છે.

તેમણે કહ્યું કે,રાજ્યમાં ફક્ત શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ખાતે પરીક્ષાના દિવસે જ રિઝલ્ટ આપવાની શરૂઆત કરી છે.આ તકે મંત્રી અને મહાનુભાવોના હસ્તે યુનિવર્સિટીના કુલ સચિવ અનિલ સોલંકી દ્વારા લખાયેલ પુસ્તકનું વિમોચન કરાયું હતું.

> દેશભરમાં પ્રથમ વખત યુનિવર્સિટી ખાતે આદિવાસી પર્વની ઉજવણીમાં આઠ રાજ્યના ૧૮૮ વિદ્યાર્થીઓ આદિવાસી અસ્મિતાને નજીકથી જાણશે.
>
> **: ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર :**

વિવિધ રાજ્યોમાંથી આવેલા ૧૮૮ વિદ્યાર્થીઓ તા.૦૨/૧૧/૨૦૨૩ થી ૦૮/૧૧/૨૦૨૩ દરમિયાન અલગ અલગ એક્ટિવિટીમાં ભાગ લેશે તથા માનગઢ અને ટુવા જેવા સ્થળોની મુલાકાત લેશે. સાત દિવસ સુધી ચાલનારા આ આદિવાસી અસ્મિતા પર્વ કાર્યક્રમમાં ગુજરાત, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કેરળ અને તેલંગાણા રાજ્યોના વિદ્યાર્થીઓએ આ શિબિરમાં ભાગ લીધો છે.

આ પ્રસંગે ઉચ્ચ શિક્ષણ વિભાગના નિયામક પી.બી પંડ્યા, રાજ્ય એન.એસ.એસ અધિકારી આર.આર. પટેલ, એન.એસ.એસ. વિભાગના પ્રાદેશિક ડાયરેક્ટર ડો.કમલકુમાર કર, રાજ્ય એન.એસ.એસ. વિભાગના સંયુકત કમિશનર નારાયણ માધુ, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલ સચિવ અનિલ સોલંકી, પોલીસ રેન્જ આઈ.જી અસારી સહિત વિવિધ અધિકારીઓ, મહાનુભાવો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા ચર્ચ સર્કલ થી ફલાય ઓવર સુધી વહિવટી તંત્રએ ટ્રાફિક ડ્રાઈવ યોજી

- જાહેર માર્ગ ઉપર નડતરરૂપ ૪ લારી ગલ્લા અને ૨૫ છજાઓ દુર કરયા.
- RTO દ્વારા નો પાર્કિંગમાં ઉભેલ વાહન માલિકોને સ્થળ પર દંડ વસુલાયો.

ગોધરા,

ગોધરા શહેરના ચર્ચ સર્કલ થી ફલાય ઓવર સુધી પ્રાંત અધિકારી ગોધરાની અધ્યક્ષતામાં પોલીસ વિભાગ ટ્રાફિક પોલીસ, આર એન્ડ બી, ગોધરા પાલિકા, વીજ કંપની અને આર.ટી.ઓ. વિભાગ સાથે રાખી ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન ચાર લારી ગલ્લા તેમજ ૨૫ જેટલા છજાઓ કાઢી વધારેના દબાણો તોડી પાડવામાં આવ્યા. ગોધરા શહેરમાં પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા ગંભીર બનતી જાય છે. તેમાં પણ ફલાય ઓવર બ્રીજની કામગીરી શરૂ કરાનાર છે. ત્યારે જાહેર માર્ગ ઉપર નડતરરૂપ દબાણો દુર કરવા માટે જીલ્લા કલેકટરના સુચનથી ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.



ગોધરા ચર્ચ સર્કલ થી ફલાય ઓવર સુધી પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. માર્ગ મકાન વિભાગ, પાલિકા, પોલીસ અને આર.ટી.ઓ. સાથે રાખીને ટ્રાફિક ડ્રાઈવ યોજી હતી. દરમિયાનન રોડ ઉપર ગેરકાયદેસર ઉભેલ ચાર લારી ગલ્લાઓ તેમજ ૨૫ જેટલા છજાઓ દુર કરવામાં આવ્યા. તેમજ છજાની આડમાં ઉભા કરેલ દબાણોને તોડી નાખવામાં આવ્યા હતા. ટ્રાફિક ડ્રાઈવમાં આર.ટી.ઓ. દ્વારા એકનો પાર્કિંગમાં ઉભેલ તેમજ ટ્રાફિક વિભાગે ૧૧ જેટલા રસ્તામાં નડતરરૂપ પાર્ક કરેલ વાહનોને સ્થળ દંડ ફટકારી કાર્યવાહી કરાઈ હતી. ગોધરા શહેરમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાને લઈ લોકોને જાહેર માર્ગ ઉપર નડતરરૂપ દબાણો નહિ કરવા સુચનો કરાયા હતા. શહેરના જાહેર માર્ગ ઉપર ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે અવારનવાર ટ્રાફિક ડ્રાઈવ યોજી આવા દબાણકર્તાઓ તેમજ રોડ ઉપર નડતરરૂપ વાહનો મુકનાર સામે કડક કાર્યવાહી કરાશે.

# લુણાવાડાના માખલીયાના જમ્મુ કાશ્મીર ખાતે આર્મીમાં ફરજ બજાવતા રજા ઉપર આવેલ જવાનનું અકસ્માતમાં મોત : પરિવારજનોમાં શોક

શહેરા,

જમ્મુ કાશ્મીર ખાતે આર્મીમાં ફરજ બજાવતા રજા ઉપર આવેલા આર્મી જવાનનું માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં ટૂંકી સારવાર બાદ પુના આર્મી હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. પાર્થિવદેહ શહેરા ખાતે આવી પહોંચતા નગરજનો સહિત આસપાસના ગામલોકો અને માજી સૈનિકો અંતિમ યાત્રામાં જોડાયા હતા. રજા ઉપર આવેલા આર્મી જવાનનું માર્ગ અકસ્માતમાં મોત થતાં પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી.



મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના માખલીયા ગામના વતની ૩૩ વર્ષીય રાજુભાઈ કેશવભાઈ બારીયા જેઓ ભારતીય સેનામાં જમ્મુ કાશ્મીર ખાતે ગાર્ડ રજીમેન્ટમાં ફરજ બજાવતા હતા. જેઓ થોડા દિવસ પહેલા એક મહિનાની રજા ઉપર પોતાના વતન આવ્યા હતા. ત્યારે ગત તા.૨૦ ઓક્ટોબરના રોજ આર્મી જવાન રાજુભાઈ બારીયા કોઈક કામઅર્થે લુણાવાડા રોડ ઉપરથી જઈ રહ્યા હતા તે સમય દરમિયાન વિરણીયા બસ સ્ટેન્ડ પાસે અકસ્માત સર્જાયો હતો,જેને લઈને તેઓને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે લુણાવાડા ખાતે સારવાર માટે લઈ જવાયા હતા જ્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેઓની તબિયતમાં સુધારો નહીં આવતા અમદાવાદ થી હેલિકોપ્ટર મારફતે પુના આર્મી હોસ્પિટલ ખાતે વધુ સારવાર માટે લઈ જવાયા હતા. જ્યાં ૨જી નવેમ્બર ગુરૂવારના રોજ આર્મીજવાન રાજુભાઈ બારીયાનું પુના આર્મી હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જેને લઈને તેઓના પાર્થિવદેહને પુના થી તેમના વતન માખલીયા ખાતે લવાયો હતો. જોકે, અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ આર્મીજવાન રાજુભાઈ બારીયાનો પાર્થિવદેહ તેમના વતન લઈ જતી વેળાએ પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે આવી પહોંચતા શહેરા સહિત આસપાસના ગામલોકો તેમજ ભારતીય સેનામાં ફરજ બજાવી ચુકેલા માજી સૈનિકો પણ તેમની અંતિમ યાત્રામાં જોડાયા હતા. બીજી તરફ રજા ઉપર આવેલ આર્મી જવાનનું માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થયા બાદ સારવાર દરમ્યાન મોત નિપજતા પરિવારજનોમાં ઘેરાશોકની લાગણી પ્રસરી ગઈ હતી.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

# પંચમહાલ જિલ્લામાં આગામી ૨૨ નવેમ્બરના રોજ તાલુકા સ્વાગત અને ૨૩ નવેમ્બરના રોજ જિલ્લા કક્ષાનો સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

ગોધરા,

ગોધરા ગ્રામ્ય, શહેર અને તાલુકાની જાહેર જનતા તથા જિલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે, મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળનો તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨/૧૧/૨૦૨૩ ના રોજ સવારના ૧૧ કલાકથી પુર્ણ ન થાય ત્યાં સુધી યોજવામાં આવનાર છે જ્યારે જિલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૩/૧૧/૨૦૨૩ને ચોથા ગુરૂવારના રોજ સવારના ૧૧.૦૦ કલાકથી પુર્ણ ન થાય ત્યાં સુધી યોજવામાં આવનાર છે.

સંબંધકર્તા નાગરિકોએ તેઓના (સેવાકીય, કોર્ટમેટર, રહેમરાહે નોકરી,પેન્શન સિવાયના પ્રશ્નો લેખિતમાં તાલુકા સ્વાગતમાં તા.૧૨/૧૧/૨૦૨૩ સુધીમાં તથા જિલ્લા કક્ષાએ તા.૧૦/૧૧/૨૦૨૩ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા જાહેર રજા સિવાયના દિવસો દરમ્યાન રજુ કરવાના રહેશે.અરજી ઉપર ''તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' તથા ''જિલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ''ના મથાળા હેઠળ અરજી એવું સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

આ સાથે લાંબા સમયના જ પડતર પ્રશ્નો અંગે જ અરજી કરવાની રહેશે. જિલ્લા સ્વાગતમાં અરજી કરતાં પહેલા કોઈ પણ અરજદારે સૌપ્રથમ તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં ત્યારબાદ જે કચેરીનો પ્રશ્ન હોઈ ત્યાં અરજી કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોઈ,જિલ્લા કક્ષાનો પ્રશ્ન હોય તો જિલ્લાના જવાબદાર અધિકારીને કરેલ રજુઆતની નકલ સહ અરજી કરવાની રહેશે. આ કાર્યક્રમમાં રજુ થતા પ્રશ્નોનો જિલ્લા કક્ષાએ નિર્ણય લઈ શકાય તેવા જ તેમજ કોર્ટ મેટર થયેલ ન હોઈ તેવા જ પ્રશ્નો હોવા જોઈએ, આ કાર્યક્રમમાં અરજદારે જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના જ આધાર પુરાવા સાથે રજુઆત કરી શકશે. કોઈ વકીલ કે અન્ય વ્યકિત દ્વારા રજુઆત કરાવી શકાશે નહિ. આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે સામૂહિક રજુઆતો કરી શકશે નહિ.

# GCERT ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ ગોધરા દ્વારા આયોજિત જિલ્લા કક્ષાનું સંકુલ-૨નું વિજ્ઞાન ગણિત પર્યાવરણ યોજાયું



ગોધરા,

જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પંચમહાલ-ગોધરા દ્વારા પંચમહાલ જિલ્લા વિજ્ઞાન મંડળ અને એસ.એચ. વરીયા હાઈસ્કૂલ ઘોઘંબાના સંયુક્ત ઉપક્રમે સંકુલ-૨ દર્શનનું વિજ્ઞાન-ગણિત પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૩ યોજાયું. પ્રદર્શનના સમગ્ર કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પૂર્વ ધારાસભ્ય અને સંસ્થાના પ્રમુખ લક્ષ્મણસિંહ મોતીસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. ઉદઘાટક તરીકે જે.કે. પરમાર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પંચમહાલની વિશેષ ઉપસ્થિત રહી હતી. શિક્ષણ નિરીક્ષક તથા રાજ્ય ઉચ્ચતર માદયમિક સંઘના ઉપપ્રમુખ અને જિલ્લા સંઘના પ્રમુખ મૃગેન્દ્ર સિંહ સોલંકી, માદયમિક શિક્ષક સંઘના પ્રમુખ પી.એસ. પરમાર, મહામંત્રી કે.વી. રણા, જે. આર. શાહ અને અંકિતકુમાર પટેલ, પંચમહાલ જિલ્લા વિજ્ઞાન મંડળ તથા કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.આ વિજ્ઞાન-ગણિત પર્યાવરણ પ્રદર્શન સંકુલ-૨ ની તમામ શાળાઓએ કુલ પાંચ વિભાગમાં ૧૦૨ કૃતિઓ બાળ વૈજ્ઞાનિકોએ રજૂ કરી હતી. શાળાના આચાર્ય અને સંયોજક એમ.બી. પંડ્યા, સુપરવાઈઝર એમ.કે. પટેલ, એન.એન. સોલંકી, શાળાનો સ્ટાફ અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ ખૂબ જ સારો સહયોગ આપ્યો હતો. વિજ્ઞાન-ગણિત પર્યાવરણ પ્રદર્શન યોજવાનો મુખ્ય આશય એ હોય છે કે સમાજમાં વધતી જતી સમસ્યાઓ માટે સરળતાથી અને ઝડપી માર્ગદર્શન દ્વારા સરળીકરણ બને. આજના વિદ્યાર્થીઓ પણ આવતીકાલના ભારતના ભાવિ વૈજ્ઞાનિક બની દેશના વિકાસમાં સહયોગી બની શકે. વિજ્ઞાનની શોધ ખોળો દ્વારા આજે પણ સમાજને નવો યુગ પ્રાપ્ત થયેલો જોવા મળે છે. હજુ વધારે ભવિષ્યમાં નવા સંશોધનો થાય તેવા શુભ હેતુથી આ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

# ગોધરા પ્રાંત અધિકારીના અપીલ કેસના હુકમથી બે તાલુકામાં પડેલ નોંધના અહેવાલ પંચમહાલ સમાચારમાં છપાયા બાદ ભુમાફિયાઓ નોંધ રદ કરવવા પ્રાંત ઓફીસમાં દોડધામ શરૂ કરી

ગોધરા,

ગોધરા ના.કલેકટર પ્રાંત અધિકારીના આર.ટી.એસ. કેસ નં.૨૩૧/૨૦૧૭ના હુકમ ગોધરા સર્વે નં.૧૨/(૧+૧૨)૨ પૈકી ૧ વાળી જમીનનો હુકમ થયો હતો. તેની ગોધરા ઈ-ધરામાં ૨૬/૦૨/૨૦૨૦ના રોજ નોંધ પડાઈ હતી. એને મંજુર કરાઈ હતી અને કાલોલ તાલુકાના નાંદરખાના સર્વે નં.૧૯૬માં મે. નાયબ કલેકટર ગોધરા પ્રાંતના આર.ટી.એસ.અપીલ નં.૨૩૧/૨૦૧૭ રફથી ૦૯/૧૦/૨૦૨૩ના રોજ નોંધ નં.૧૭૮૩થી પડેલ હતી અને ૧૩/૧૦/૨૦૨૩ના રોજ માત્ર પાંચ દિવસમાં સર્કલ ઓફિસર એમ.એ.દરજી દ્વારા પ્રમાણિત કરાઈ હતી. ના.કલેકટર પ્રાંત ગોધરાના કેસ નં.૨૩૧/૨૦૧૭ના હુકમથી બે તાલુકામાં નોંધ મંજુર કરાઈ હોય તેવા અહેવાલ દૈનિક અખબારમાં પ્રસિદ્ધ થતાં ખોટા હુકમથી નોંધ મંજુર કરાવી હોય તેવા ગોધરાના ભુમાફિયાઓ હવે પોલ ખુલ્લી પડતા જ નોંધ નામંજુર કરાવવા દોડધામ કરી રહ્યા છે. ત્યારે ના. કલેકટર પ્રાંત ગોધરાના આર.ટી.એસ.હુકમ જે તે તાલુકાના સર્વે નંબર માટે કરાયો હોય તેનો દુરઉપયોગ કરી ભુમાફિયાઓ આજ આર.ટી.એસ. હુકમનો બીજા તાલુકાની જમીનમાં ઉપયોગ કરી નોંધ મંજુર કરાવી લેવામાં સફળ થયા હતા. જયારે આવા કારનામા ખુલવાની દહેશત જણાતા હવે કાલોલ તાલુકા નાંદરખાની જમીનમાં પડેલ નોંધ નામંજુર કરવા મથામણ કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે. ત્યારે આવા ના.કલેકટર પ્રાંતના આર.ટી.એસ.હુકમનો ઉપયોગ કરવામાં મદદરૂપ થનાર અધિકારી કર્મચારીઓ સુધી તપાસનો રેલો આવે તો આવા અનેક કારનામાઓ સામે આવી શકે છે.

# ગોધરા સબ રજીસ્ટાર કચેરીમાં દસ્તાવેજને લઈ ઈસમો બખડતા અરાજકતા સર્જાઈ



ગોધરા,

ગોધરા સબ રજીસ્ટાર કચેરી ખાતે આજરોજ દસ્તાવેજને લઈ બે જુથો વચ્ચે ઝગડો તકરાર થઈ હતી. કચેરીમાં લુખ્ખા તત્વો જમીન દસ્તાવેજને લઈ તકરાર કરતા કચેરીના અધિકારીએ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

ગોધરા સબ રજીસ્ટાર કચેરીમાં રોજ દસ્તાવેજને લઈ મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે અને જ્યારે આજરોજ દસ્તાવેજ માટે અનેક લોકો કચેરીમાં હાજર હતા. ત્યારે સબ રજીસ્ટાર કચેરીમાં થયેલ દસ્તાવેજને લઈ રજુઆત માટે આવેલ લોકો અને અન્ય વ્યકિતઓ જાહેરમાં બાખડયા હતા. કચેરીમાં અરાજકતા ઉભી કરતા અન્ય અરજદારોમાં ભય ઉભો થયો હતો. સબ રજીસ્ટાર અધિકારી દ્વારા કચેરીમાં તકરાર ઝગડો કરતા તત્વો સામે કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.